# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૧ જુલાઈ, ૨૦૧૫ (બુધવાર)

### 1) ૧ જુલાઈ :–

- નેશનલ ડોકટર ડે
- આર્ટર્ડ એકાઉન્ટન્ટસ ડે

### 2) "બંધુત્વ સ્મારક" :–

- ૧ જુલાઈ, ૧૯૪૬ના રોજ જમાલપુરમાં રથયાત્રા સમયે તોફાનો ફાટી નિકળ્યા હતા. આ કોમી એખલાસ માટે મોતને વ્હાલુ કર્યુ હતુ તેવા વસંત – રજબની આજે ૭૦મી પુણ્યતિથિ છે.
- આ વિર શહિદ વસંત – રજબની ૭૦મી પુણ્યતિથિએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે 'બંધુત્વ સ્મારક'નું લોકાર્પણ કર્યુ.
- આ 'બંધુત્વ સ્મારક'નું લોકાર્પણ વર્ષ ૧૭૩૮માં બનેલ ગાયકવાડ હવેલી ઐતિહાસીક વોચટાવરમાં કરવામાં આવ્યું છે.
- દેશનું આ સર્વપ્રથમ બંધુત્વ સ્મારક છે
- વસંતરાવ હેગિષ્ટનો જન્મ ૧૯૦૬માં અમદાવાદમાં થયો હતો.
- રજબઅલી લાખાણીનો જન્મ ૧૯૧૯માં કરાંચીમાં થયો હતો, રજબઅલીએ રાષ્ટ્રસેવા કરતાં અનેકવાર જેલયાત્રાઓ કરી આ દરમિયાન તેમણે 'એકલવીર' અને 'એકાન્તના સામ્રાજયમાં' આ બે ગ્રંથોનો અનુવાદ કર્યો હતો.
- ૧ જુલાઈ, ૧૯૪૬ માં જમાલપુર ખાતેના આ હિંસક ટોળાંને રોકવા વસંત – રજબની સાથે તેના અન્ય બે સાથીઓ પોપટલાલ અને દ્વારકાદાસે પણ શહિદિ વ્હોરી હતી.
- ઝવેરચંદ મેઘાણી રચીત 'વસંત – રજબ સ્મારકગ્રંથ'નું વિમોચન મુખ્યમંત્રીએ કર્યુ હતું.
- 'વસંત – રજબ સ્મારકગ્રંથ' એ મેઘાણીના જીવનનું અંતિમ સંપાદન હતું
- જાન્યુઆરી, ૧૯૪૭ માં આ ગ્રંથનું પ્રકાશન થયું હતું, અને ૯ મી માર્ચ, ૧૯૪૭ના રોજ મેઘાણી સ્વર્ગવાસ પામ્પા હતો.

### 3) ડે – નાઈટ ટેસ્ટ મેચ :–

- ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌપ્રથમ ડે – નાઈટ મેચ રમાશે.
- આ મેચ ૨૭ નવેમ્બરથી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ વચ્ચે એડિલેન્ડ રમાશે.

### 4) અવકાશમાં સૌથી વધુ દિવસ રહેવાનો વિક્રમ :–

- રશિયાના અવકાશયાત્રી ગેન્ડી પાદલ્કાએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ખાતે ૮૦૪ દિવસ રહીને અવકાશમાં સૌથી વધુ સમય રહેનારા માનવી તરીકેનો વ્રિકમ સ્થાપ્યો છે.
- તેઓ હજુ સપ્ટેમ્બર સુધી રહેશે. નિર્ધારિત તારીખ સુધી રહેશે તો તેઓ પરત આવશે ત્યાં સુધીમાં અવકાશમાં ૮૭૭ દિવસ (૨.૫ વર્ષ) પસાર કરી ચૂકયા હશે.
- અગાઉ આ રેકોર્ડ રશિયન રોકેટ વિજ્ઞાની સર્ગેઈ ક્રિકાલ્થેવના નામે હતો, જેઓ અવકાશમાં ૮૦૩ દિવસ, ૯ કલાક અને ૩૯ મિનિટ પસાર કરી હતી.
- મહિલાઓમાં આ રેકોર્ડ જુન મહિનાની શરૂઆતમાં જ ઈટાલીન ખગોળશાસ્ત્રી સમાન્થા ક્રિસ્ટોફરેડીએ પોતાના નામે કર્યો હતો.
- સમાન્યાએ અવકાશમાં સળંગ ૧૯૯ દિવસ, ૧૬ કલાક પસાર કર્યો હતો.
- મહિલાઓમાં અગાઉ આ રેકોર્ડ સુનિતા વિલિયમ્સના નામે હતો. સુનિતા ૧૯૪ દિવસ, ૧૮ કલાક અને ૨ મિનિટ રહયા હતા.

### 5) "ડિજિટલ ઈન્ડિયા" :–

- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડીયમ ખાતે ડિજિટલ ઈન્ડિાયા યોજનાનો પ્રારંભ કર્યો.
- આ પ્રારંભ સાથે તારીખ ૧ થી ૬ જુલાઈ સુધી ૬૦૦ થી વધુ શહેરોમાં 'ડિજિટલ ઈન્ડિયા વીક' અંતર્ગત અલગ અલગ કાર્યક્રમો યોજાશે.
- ટોંચની કંપનીઓએ ૪.૫ લાખ કરોડના રોકાણની જાહેરાત કરી.
- વિવિધ ક્ષેત્રે ૧૯ લાખ નોકરી ઉભી થશે.
- સરકારે ડિજિટલ ઈન્ડિયા માટે ૨ (બે) લાખ ૫૦ હજાર કરોડ રૂપિયાની રકમ મંજુર કરી.
- ૨૫૧ સેવા અને પ્રોડકટ લોન્ચ કરાશે.
- આ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રીનું ૩ડી લક્ષ્ય :–

  ૧) ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર :– આ હેઠળ પંચાયતને ઈન્ટરનેટ સાથે જોડવામાં આવશે.

  ૨) ડિજિટલ આઈડી :– પ્રત્યેક વ્યકિતની ડિજિટલ આઈડી બનાવાશે.

  ૩) ડિજિટલ લિટરસી :– નાગરિકોને વિવિધ તાલીમ અપાશે કે તેઓ નેટનો ઉપયોગ કરે

- વડાપ્રધાન વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઈન્દોરની બે ગ્રામ પંચાયતોને ડિજિટલ ઈન્ડિયા પ્રોજેકટથી જોડશે.
- વડાપ્રધાન મોદેએ કહયુ કે તેઓ ઈ – ગવર્નન્સને એમ – ગવર્નન્સ બનાવશે. અમે – ગવર્નન્સ એટલે મોબાઈલ ગવર્નન્સ

Vivekanand Academy, Gandhinagar

- દેશની જીડીપી અત્યારે ૧૨૮ લાખ કરોડ છે, જયારે ૫ વર્ષમાં જીડીપી ૧૯૨ લાખ કરોડ થવાની આશા છે.
- 'ડિજિટલ ઈન્ડિયા'ની મુખ્ય યોજનાઓ :–

  ૧) ઈ – લોકર :– પાન, આધારકાર્ડ, માર્કશીટસ અને અન્ય જરૂરી દસ્તાવેજો સ્ટોર કરી શકાશે.

  ૨) ઈ – બેગ :– કોઈપણ રાજયના શિક્ષણ બોર્ડના પુસ્તક વિદ્યાર્થી ઘેર બેઠાં વાંચી શકશે.

  ૩) ઈ – હોસ્પિટલ :– ઓપીડીમાં ડોકટર મળવાનું સરળ રહેશે. ઘરથીજ ડોકટરને મળવાનો દિવસ અને સમય નકકી થઈ જશે.

  ૪) ઈ – હેલ્થ :– નિષ્ણાંત ડોકટરો મારફતે ગામડાઓમાં ટેલિમેડિસીન થકી ચિકિત્સા સેવા મળશે.

  ૫) ઈ – એપોઈન્ટમેન્ટ :– સંબંધિત મંત્રાલય અને વિભાગના પોર્ટલ ઉપર જઈને ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈ શકાશે. ઈ–મેઈલ મારફતે આપણને એપોઈન્ટમેન્ટની જાણકારી મળશે.

- ૧ થી ૬ જુલાઈ દરમિયાન દેશમાં વિવિધ સ્થળોએ કાર્યક્રમ યોજાશે.
- ગુજરાતમાં રાજય સરકારના 'ગતિશીલ ગુજરાત, ડિજિટલ ગુજરાત' ના કાર્યક્રમો ગાંધીનગર ખાતે યોજાશે. જિલ્લામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે, તાલુકામાં “ATVT” સેન્ટર ખાતે તથા ગ્રામ્ય ક્ષેત્રમાં eGram ખાતે યોજાશે.
- ડિજિટલ ઇન્ડિયાના અન્ય લાભ :–
  ૧) જમીન, મકાનની નોંધણી પેપરલેસ
  ૨) વિદ્યાર્થીઓને પોર્ટલથી શિષ્યવૃતિ
  ૩)ઈ – સાઈન ફ્રોમવર્કમાં આધારકાર્ડના માધ્યમથી ડિજિટલ હસ્તાક્ષર
  ૪) સમગ્ર ભારતમાં ઈ – ગવર્નન્સ

## 6) રશિયામાં યોગ પર પ્રતિબંધ :–

- તાજેતરમાં ભારતના સૌથી ઘનિષ્ઠ મનાતા પાડોશી દેશ રશિયાએ યોગને જાદુટોણા ગણાવી યોગ પર પ્રતિબંધ મુકી દિધો છે.

## 7) અમેરિકન સાઈકિલંગ રેસ :–

- તાજેતરમાં મહારાષ્ટ્રના ડો. હિતેન્દ્ર અને ડો. મહેન્દ્ર મહાજનની જોડીએ 'રેસ એક્રેસ અમેરિકા' (રેમ સાઈકિલંગ) જીતનારી પહેલી ભારતીય જોડી બની ગઈ છે.
- ૧૮ થી ૪૯ વયજૂથની આ રેસ ૪૮૦૦ કિ.મી.ની હોય છે.
- ભારતીય જોડીએ આ રેસ ૮ દિવસ, ૧૪ કલાક અને ૫૫ મિનિટમાં જીતી હતી.

## 8) લક્ષ્મીબાઈ પર ફિલ્મ :–

- બોલીહુડના જાણીતા નિર્દેશક કેતન મહેતા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પર ફિલ્મ બનાવશે.
- લક્ષ્મીબાઈની આ બાયોપિકમાં અભિનેત્રી કંગના રનૌત લક્ષ્મીબાઈનો રોલ નિભાવશે.

## 9) ફોર્બ્સની સૌથી ધનિક હસ્તીઓની યાદી :–

- ફોર્બ્સ મેગેઝિનની 'સેલિબ્રિટીઝ ૧૦૦ : ધ વલ્ડસ ટોપ પેઈડ એન્ડરટેઈનર્સ ૨૦૧૫' ની યાદીમાં ૪ ભારતીયોને સ્થાન
- અમેરિકાનો બોકસર ૩૦ કરોડ ડોલરી કમાણી સાથે પ્રથમ ક્રમે.
- મનોરંજન ક્ષેત્રના વિશ્વના સૌથી ધનવાનોની આ યાદીમાં અભિતાભ બચ્ચન અને સલમાનખાન બન્ને ૭૧ માં સ્થાને.
- જયારે અક્ષયકુમાર અને મહેન્દ્રસિંઘ ધોની અનુક્રમે ૭૬ મા અને ૮૨ મા ક્રમે છે.
- ફોર્બ્સ વર્ષ ૧૯૯૯ થી દર વર્ષે ૧૦૦ સેલિબ્રિટીઝની યાદી જાહેર કરે છે

## 10) વલી ગુજરાતી ગઝલ એવોર્ડ :–

- ગુજરાતી અને ઉર્દૂ ભાષાના જાણીતા ગઝલકાર ખલીલ ધનતેજવીને વર્ષ – ૨૦૧૩ નો આ એવોર્ડ એનાયત થશે.
- ગુજરાત સાહિત્ય અકાદમીના વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા ગુજરાતી ગઝલ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર કોઈ એક ગઝલકારને દર વર્ષે 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવે છે.

Vivekanand Academy, Gandhinagar